ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*છે બહાનાં નગદ નાણાંનો રણકાર થાય છે,*
*થવાનું કોઈ કૌભાંડ એવો અણસાર થાય છે,*
*નળ વિનાના તળાવ આસપાસ ખીલે ખાયકી -*
*સાચવ્યું છે સબ એના રોજ શણગાર થાય છે...*
*(સે.૧નું તળાવ-નધણીઆતી બોરડી)*

### હાઈકુ

*ઈલાજ કરો,*
*માંદલા તળાવનો -*
*પછી દોડવો !*
*(શોભા-અભિવૃદ્ધિ)*

*હાલ થયા છે*
*અડવાણી જેવા જ*
*કોરાણે - કોરું*
*(ઉદ્ઘાટક ની અસર)*

### ચિંતન

**સ્વામ્યનુકૂલો ભૃત્યઃ ।**

**ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**સેવકે સ્વામીને અનુકૂળ આચરણ કરવું.**

**નોકરે હંમેશાં પોતાના માલિકની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. રાષ્ટ્ર એ આપણા સૌનું માલિક છે એટલે એના હિતને અનુલક્ષીને જ આપણે ચાલવું જોઈએ અને એની તન મન ધનથી સેવા કરવી જોઈએ.**

**ઘણીવાર બુદ્ધિમાન કે જૂના થયેલા નોકર-ચાકર-કર્મચારી શેઠને સલાહ-સૂચન વિવેકપૂર્વક રીતે આપે તે બરાબર છે પણ શેઠ-માલિકની અનિચ્છાથી પણ પોતાની મરજી મુજબ આચરણ કરે તે યોગ્ય નથી શેઠ-નોકરના સંબંધો વચ્ચે વિવેકપૂર્ણ મર્યાદા તો રહેવી જ જોઈએ.**

### સુવિચાર

- જિંદગીનું આગણું વાંકુ છે, છતા હું નાચીશ - **સુધા ચંદ્રન**
- બીજા શું કરે છે, તે સામું ન જોવું, પણ મારી ફરજ શી છે તે વિચારનાર અને જીવનમાં ઉતારનાર મહાન બને છે - **સરદાર પટેલ**
- તમે શાંતિપૂર્વક જીવવા ઈચ્છતા હોવ તો જે જાણો છો તે જાહેર કરશો નહીં, અને જે જુઓ છો તે અંગે અભિપ્રાય આપશો નહીં - **બેન્જામિન ફ્રેંકલીન**
- કોઈ ખોટું કામ કરવાનું મન થાય ત્યારે પોતાનું બાળક એ કાવતરા વખતે હાજર હોય એવી કલ્પના કરવી. પાછા વળવાનું મન થશે - **સંત રોબિન**
- સત્સંગ જ પવિત્ર ત્રિવેણી સંગમ છે, જયાં ભગવાન, ભક્ત અને નામનું મિલન થાય છે - **તુકારામ**
- સૂર્યપ્રકાશની જેમ સત્યને પણ બાહ્ય સ્પર્શ વડે કલંકિત કરવું અશક્ય છે - **મિલ્ટન**
- આજનું ઔષધ :વિકળાનું ફળ ખાવાથી દાહ-શોષમાં રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કોઈને ગુસ્સે કર્યા વિના આડકતરી રીતે ભૂલ બતાવી શકાય તે તે વધુ ઉપદેશકારક બને છે.

એક દેવળમાં પાદરીએ એવી પરંપરા ચાલુ કરાવી હતી કે શહેરના સારા જ્ઞાની વ્યક્તિ રવિવારની પ્રાર્થના પછી ભાષણ આપે. આ ભાષણ માટે પ્રખ્યાત લેખક હેન્રી વોર્ડની પસંદગી થઈ. પણ થોડા જ અઠવાડિયામાં તેઓ અવસાન પામ્યા. હવે પ્રશ્ન થયો કે દેવળમાં રવિવારની પ્રાર્થના પછી ભાષણ કોણ આપશે.

પાદરીની સૂચનાથી એક લિમેન નામના લેખકને પસંદ કરવામાં આવ્યા. પહેલા રવિવારના ભાષણ માટે તેમણે ખૂબ તૈયાર કરી, ભારે શબ્દોથી ઉપદેશાત્મક ભાષણ તૈયાર કર્યું અને તેમની પત્ની મેરીને સંભળાવ્યું. જો મેરી તરત જ એમ કરી દેત કે આ ભાષણ તો રસહીન છે. તથા ઉપદેશાત્મક પણ ખૂબ ભારેખમ છે. અને શ્રોતાઓને આવું ભાષણ શાંતિથી સાંભળ્યું અને પછી કહ્યું, 'આ ભૂષણ ન્યુયોર્ક ટાઈમ્સ માટે લેખ ઘણો સુંદર ગણાશે. માહિતી ઉત્તમ છે અને ઉપદેશ પણ બુદ્ધિજીવીઓ ને ગમશે.'

લિમેન પત્નીની વાતની પાછળનું રહસ્ય સમજી ગયા. પછી તરત જ પત્નિના સહકારથી સાંભળનારને સ્વાભાવિક, અંતરમાં પહોંચે તેવું. પોતીકું લાગતું ભાષણ તૈયાર કર્યું. જૂનું ભાષણ લિમેને જાતે જ ફાડી નાખ્યું. અને નવા ભાષણથી રવિવારના શ્રોતાજનોને ખૂબ ઉત્સાહ થયો.

મેરીની ટકોરથી લિમેને સરળ ભાષામાં ઉત્તમ ભાષણ આપ્યું.

# ખાડે ગયેલા રાજકારણનું પ્રજાદોહી ચિત્ર

**તંત્રીસ્થાનેથી...**

સ્થાનિક સ્વરાજની લોકકલ્યાણકારી સંકલ્પનાની ફળશ્રુતિ લેખે પૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતા, રતુભાઈ અદાણી અને રસિકલાલ પરીખ જવા અણિશુદ્ધ ઈમેજ ધરાવતા નેતાઓએ 'પંચાયતી રાજ'નો મુસદ્દો ઘડી કાઢ્યો હતો, જે દેશ આખાએ માન્ય કર્યો હતો. ગામનો વહીવટ ગામમાં રહેનારા આગેવાનો મારફત જ થાય અને રાજય પાસે નાની નાની સમસ્યાઓ લઈને દોડવું ન પડે એ ઈરાદાસર રચાયેલ પંચાયતી રાજની સંકલ્પનાને રાજીવ ગાંધી જેવા યુવા વડાપ્રધાને પુનર્જીવિત અને નવપલ્લવિત કરવાનો પ્રયાસ પણ કરેલો. એમણે પંચાયતો અને કોર્પોરેઓશનો - નગરલાલિકાઓમાં એક તૃતીયાંશ મહિલા પ્રતિનિધિત્વનો કાયદો અમલી બનાવી ગ્રામીણ મહિલાઓને રાજકીય ક્ષેત્રે સવિશેષ પ્રોત્સાહન પૂરું પાડી સ્ત્રી દાક્ષિણ્યનો દાખલો બેસાડ્યો હતો. ભારતીય જનતા પાર્ટીનું શાસન આવતાંની સાથે પંચાયતોના અધિકારો પર તરાપ આવી ગઈ. બ્યુરોક્સીએ એનું વરવું સ્વરુપ બતાવ્યું અને સત્તાના વિકેન્દ્રીકરણનો કલ્યાણકારી વિચાર વખારે નંખાઈ ગયો.અલબત્ત, પંચાયતો અને નગરપાલિકાઓની ચૂંટણીઓ તો થતી જ રહી પરંતુ એના નેતાઓ નહોર વગરના વાઘ બની રહ્યા. એમ છતાં રાજકારણના ખેલ માટે તો પંચાયતોનું મહત્ત્વ અકબંધ જ રહ્યું. જિલ્લા પંચાયત કે નગરપાલિકાનો અનુભવ ધરાવતો પાયાનો કાર્યકર આગળ ઉપર ધારાસભા અને લોકસભાનો દાવેદાર પાયાનો કાર્યકર આગળ ઉપર ધારાસભા અને લોકસભાનો દાવેદાર ગણાતો રહ્યો. ભાજપ શાસન દરમિયાન સત્તાભૂખ્યા સ્થાનિક આગેવાનો પાંચ વર્ષનું સત્ર બે ભાગમાં વહેંચી અઢી-અઢી વર્ષનાં બે સત્રોમાં વહેંચાયું જેથી 'રનર્સ અપ' લઘુનેતાઓને સત્તાને ખુરશી પર બેસવાની તક મળી શકે. તાજેતરમાં પંચાયતોનું પહેલું સત્ર સમાપ્ત થતાં બીજા સત્રની પદાધિકારીઓની ચૂંટણી બેઉ પક્ષે જે વરવા ખેલ ખેલાયા એમાં સાવ જ ખાડે ગયેલા રાજકારણનું પ્રજાદોહી ચિત્ર રજૂ થતું વરતાય છે. ઉમેદવારો પહેલાં તો જે - તે પાર્ટીની વિચારસરણીના ચુસ્ત ટેકેદારો લોકો સમક્ષ પોતાની છાપ ઊપસાવતા હોય છે. પાર્ટીની ટિકિટ મેળવવા આકાશપાતાળ એક કરી મૂકે છે. પાર્ટીમાં ચાલતા જૂથવાદને કારણે લાયક ઉમેદવારો તો હાંસિયે ધકેલાઈ જતાં હોય છે અને જ્ઞાતિબળ કે આર્થિક સદ્ધરતા ધરાવતા ચલતા-પુર્જા ટિકિટ લઈ આવે છે. એ પછી ચૂંટણી જીતવા માટે પાર્ટીના સિદ્ધાંતોની વાતો કરે છે, સામા પક્ષને દેવાય એટલી ગાળો દઈને શામ-દામ-દંડ-ભેદની ચાલ ચાલી ચૂંટણી જીતે છે. એ પછી સત્તાનું પદ મેળવવાની અશ્વદોડ ચાલુ થાય છે. ભલે કોંગ્રેસની ટિકિટ પર ચૂંટાયા પણ ભાજપ તરફથી લાડવો મળતો હોય તો એ મેળવી લેવામાં એમને કોઈ સિદ્ધાંત નડતો નથી. એવી જ માનસિકતા ભાજપમાંથી ચૂંટાયેલા લાલચુ સભ્યોની પણ હોય છે. આ રીતે ચાલતું 'આયારામ - ગયા રામ'નું રાજકારણ આપણને કોઠે પડી ગયું છે. એમાં નથી તો એ વેચાઈ કે વહેંચાઈ જતા સભ્યોને કશી શરમ આવતી કે નથી એમના વરિષ્ઠ નેતાઓને એમની ઈજ્જત જોખમાતી લાગતી. ઊલટાના એ તો આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરીને યેનકેન પ્રકારેણ સત્તા હસ્તગત કરવાનો લક્ષ્યાંક જ સિદ્ધ કરવાની ચક્કરમાં રહે છે. ચૂંટાયેલા સભ્યોને પક્ષપલટો કરાવી પોતાની પાર્ટીએ ગુમાવેલી જિલ્લા કે પંચાયતોમાં પોતાના પક્ષની સત્તા સ્થાપિત કરવી એ જ એમનું અંતિમ ધ્યેય રહે છે. આ વખતે કેન્દ્રઅને રાજયમાં સત્તા ભોગવતા પક્ષે એની તમામ તાકાત લગાવી કોંગ્રેસ હસ્તકની પાંચ જિલ્લા પંચાયતો હસ્તગત કરવામાં સફળતા મેળવી છે. આને તેઓ 'વિજય' માની રહ્યા છે. જો કે એના પ્રજામાં કેવા પ્રત્યાઘાત પડશે એ તો સમય જ કહેશે. બે કહેવતો જેવી બની ગયેલી ઉક્તિ ટાંકી વાત સમેટી લઈએ : એવરી થિંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વોર; યે પબ્લિક હૈ, સબ જાનતી હૈ!


# અષ્ટાવક્ર - અંગોમાં વિકાર પણ જ્ઞાનનો સંસ્કાર!

### અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા



બાળકનો જન્મ થયો, ત્યારથી એના આઠેય અંગોમાં વક્રતા હતી; પરંતુ પરિવારમાં કોઈને આની ફરિયાદ ન હતી. કારણ કે તે પૂર્વજન્મનાં જ્ઞાન અને તપનાં સંસ્કાર સાથે જન્મ્યો હતો. એનું નામ જ અષ્ટાવક્ર પડી ગયું. એ માતા સુજાતાના ગર્ભમાં હતો ત્યારે પિતા ઋષિ કહો કે મંત્રના ઉચ્ચારણમાં ભૂલ કરી. એટલે એ હસી પડ્યો કોઈની ક્ષતિ ઉપર હસાય નહિ કહોડે એને શાપ આપ્યો એટલે એ ક્ષતિવાળા અંગો સાથે જન્મ્યો હતો.



એકવાર ઋષિ કહોડ રાજર્ષિ જનકની જ્ઞાન સભામાં ગયા અહીં તો દ્વારપાળ જ પ્રશ્નો કરે, એના ઉત્તર સંતોષકારક મળે તો જ સભા પ્રવેશ મળે. કહોડને પ્રવેશ મળી ગયો. સભામાં દેવ વરુણના પુત્ર ઋષિ બંદિ હતા. એની સાથે કહોડને જ્ઞાન ચર્ચા થઈ. એ વખતે નિયમ હતો, કે હારે તેણે જળપ્રવેશ કરી લેવાનો. પરંતુ બંદિઓ એ ન થવા દીધું. પોતાના પિતા વરુણ બાર વર્ષનો યજ્ઞ શરુ કરતા હતા, ત્યાં કહોડને મોકલી આપ્યા.

સુજાતા પોતાના બાળક અષ્ટાવક્રને લઈને, પિતા ઋષિ ઉદાલકના આશ્રમમાં આવી ગઈ. ઉદાલકે પોતાના આ દૌહિત્રને ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપ્યું. હવે એ જ્ઞાનમાં અને તપમાં આશ્રમમાં સર્વશ્રેષ્ઠ બની રહ્યો.

અષ્ટાવક્ર એક વાર નદીમાં ઊભા રહીને ધ્યાનમાં મગ્ન હતા. જળની બહાર માત્ર મસ્તક જ દેખાય. એ વખતે અપ્સરાઓ ત્યાંથી પસાર થઈ. તેઓ આ ધ્યાનમગ્ન ઋષિથી પ્રભાવિત થઈ. એમને વંદન કર્યા. અષ્ટાવક્રે તેમને પ્રસન્ન થઈને વરદાન માગવા કહ્યું. અપ્સરાઓએ જવાબ આપ્યો - 'અમને પતિ તરીકે પુરુષોત્તમ મળે.' ઋષિએ 'તથાસ્તુ' કહ્યું. પરંતુ જેવા એ જળમાંથી બહાર આવ્યા કે તરત અપ્સરાઓ એના શરીરને જોઈને ખિલખિલાટ હસી પડી. કોઈના અંગોના વિકાર ઉપર હસાય નહિ. ઋષિએ શાપ આપ્યો. 'સામાન્ય લૂંટારાઓ તમારું અપહરણ કરી જશે.' ખરેખર બન્યું જ એવું. શ્રીકૃષ્ણે દેહ મૂક્યો. પછી અર્જુન દ્વારિકાથી સ્ત્રી વર્ગને લઈને નીકળ્યો. એમને લઈને જતો હતો, અને માર્ગમાં વન હતું. વનવાસી આભીર જાતિના લૂંટારાઓએ માત્ર લાઠીને આધારે હરાવ્યો અને સ્ત્રી વર્ગનું અપહરણ કર્યું, પરંતુ અષ્ટાવક્રે જ શાપનો ઉપાય બતાવ્યો હતો, તેમ તરત જ એમને અપ્સરાઓનું સ્થાન મળી ગયું અને સ્વર્ગમાં પહોંચી ગઈ.

અષ્ટાવક્ર પોતાના મામા શ્વેતકેતુ સાથે જનકની જ્ઞાનસભામાં આવ્યા. બંદિએ એનું સ્વાગત કર્યું. રાજર્ષિ જનક પોતે જ પ્રશ્નો કરતા ગયા. અષ્ટાવક્રે એનું સમાધાન કર્યું. એણે જનકને જ્ઞાનોપદેશ આપ્યો.

એ સમયે વરુણનો યજ્ઞ પૂરો થયો હતો, એટલે ઋષિ કહોડ પોતાના સાથીઓ સાથે જનકની સભામાં આવ્યા. એણે અષ્ટાવક્રનો ઉપદેશ પૂરેપૂરો સાંભળ્યો. પુત્ર અને શિષ્ય પોતાનાથી ચડિયાતા થાય, તો પિતા અને ગુરુને આનંદ થાય. એને ખાતરી થઈ ગઈ. 'અષ્ટાવક્ર પોતાનાથી પણ શ્રેષ્ઠ છે.' પિતાપુત્ર એકબીજાને મળીને રાજી થયા. જનક ને પ્રણામ કરીને એમણે બંનેએ વિદાય લીધી. કહોડને યાદ આવ્યું કે પોતાના શાપને કારણે આને અંગક્ષતિ છે.

રસ્તામાં મધુમિતા નદી આવી કહોડ ને જળને અભિમંત્રિત કર્યું અને આ જળમાં અષ્ટાવક્રનો અભ્યંગ સ્નાન કરાવ્યું. અષ્ટાવક્ર જળમાંથી બહાર આવ્યો ત્યારે આઠેય અંગ સુંદર થઈ ગયા હતા!

ભાવાર્થ આ છે - કોઈની અંગક્ષતિ ઉપર ઉપહાસ ન કરવો. એનામાં રહેલી સારી બાબતોને માન આપવું.

# 'મનુષ્ય સ્વભાવથી રાજકીય પ્રાણી છે' આ કથન કયા તત્ત્વ ચિંતકનું છે?

### ખજાનો

અનિલ પટેલ



## વિશ્વનો ઇતિહાસ

૧ જર્મનીના લોખંડી પુરુષ તરીકે કોણ ઓળખાય છે?
(અ) રોબર્ટ ઓવન (બ) બિસ્માર્ક
(ક) માર્ટિન લ્યૂથર (ડ) કાર્લ માકર્સ

૨ ૧૦ સપ્ટેમ્બર ૧૯૪૫માં બીજા વિશ્વયુદ્ધમાં કયા દેશે આત્મ સમર્પણ કર્યું ?
(અ) જાપાન (બ) કોરિયા
(ક)ચીન (ડ) અમેરિકા

૩ નેપોલીયન સાથે સંકળાયેલ વૉટર લૂ નું યુદ્ધ કયારે થયું હતું ?
(અ) ઈ.સ. ૧૮૦૦ (બ) ઈ.સ. ૧૮૧૫
(ક) ઈ.સ. ૧૮૨૦ (ડ) ઈ.સ. ૧૯૩૦

૪ સમાજવાદનો પ્રથમ પ્રયોગ કોણે કર્યો હતો?
(અ) કાર્લ માકર્સ (બ) સ્ટાલીન
(ક) માર્ટિન લ્યૂથર (ડ) રોબર્ટ ઓવન

૫ સિકંદરે રાજા પોરસને કઈ નદીના કિનારે હરાવ્યો હતો ?
(અ) સિંધુ (બ) થેમ્સ
(ક) ઝેલમ (ડ) નાઈલ

૬ 'પ્રોટેસ્ટન્ટ રિફોર્મેશન'ની શરુઆત કોણે કરી હતી ?
(અ) માર્ટિન લ્યૂથર (બ) જયોર્જ વોશિંગ્ટન
(ક) રૂઝવેલ્ટ (ડ) હેરોડેટ્સ

૭ અમેરિકાનો સ્વતંત્રતા દિવસ કયારે મનાવવામાં આવે છે ?
(અ) ૧૫ ઓગસ્ટ (બ) ૪ જુલાઈ
(ક) ૧૦ સપ્ટેમ્બર (ડ) ૧૮ જૂન

૮ 'સ્ટાલીન' કયા દશના આધુનિકતાના નિર્માતા ગણાય છે ?
(અ) અમેરિકા (બ) જર્મની
(ક) ફ્રાન્સ (ડ) રશિયા

૯ અમેરિકાના સ્વતંત્રતા સંગ્રામના મુખ્ય નેતા કોણ હતા ?
(અ) જયોર્જ વોશિંગ્ટન (બ) માર્ટિન લ્યૂથર કિંગ
(ક) રૂઝવેલ્ટ (ડ) જયોર્જ બુશ

૧૦ વિશ્વમાં પ્રથમ મહિલા રાષ્ટ્ર પ્રમુખ બનવાનું બહુમાન કોને ફાળે જાય છે ?
(અ) ઈંદિરા ગાંધી (ભારત) (બ) સિરીમાવા ભંડારનાઈકે (શ્રીલંકા)
(ક) ઈલિઝાબેન મોર્ટિનેઝ (આર્જેન્ટિના) (ડ) શેખ હસીના (બાંગ્લાદેશ)

૧૧ કાગળની શોધ કઈ સંસ્કૃતિની દેન છે ?
(અ) જાપાન (બ) ચીન
(ક) ભારત (ડ) રશિયન

૧૨ વૉટર લૂનું યુદ્ધ કયા દેશમાં લડાયું હતું ?
(અ) બેલ્જિયમ (બ) લકઝમ્બર
(ક) ફ્રાન્સ (ડ) જર્મની

૧૩ સપ્તવાર્ષિક યુદ્ધો કયા બે દેશોની વચ્ચે થયા હતા ?
(અ) ફ્રાંસ-જર્મની (બ) જર્મની - ઈટાલી
(ક) ફ્રાંસ - ઈંગ્લેન્ડ (ડ) જર્મની - ફ્રાન્સ

૧૪ બોસ્ટન ટી પાર્ટીના નેતા કોણ હતા?
(અ) સનયાત સેન (બ) સેમ્યુઅલ એડમ્સ
(ક) જહોન વ્હીકલીફસ (ડ) બિસ્માર્ક

૧૫ 'મનુષ્ય સ્વભાવથી રાજકીય પ્રાણી છે' આ કથન કયા તત્ત્વ ચિંતકનું છે ?
(અ) એરિસ્ટોટલ (બ) રૂસો
(ક) રવિન્દ્રનાથ ટાગોર (ડ) ગાંધીજી

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૨૨મી જુન :**
- વોટર લુના યુદ્ધ બાદ નેપોલિયન ને બીજી વખત પદત્યાગ કર્યો (૧૮૭૪)
- સ્વીડને નવા રાષ્ટ્રધ્વજનો સ્વીકાર કર્યો (૧૯૦૬)
- પ્લુટો ગ્રહનો પ્રથમ ચંદ્ર-ચેરોન શોધાયાની જાહેરાત થઈ (૧૯૭૮)
- ઈટાલીના રાજનીતિજ્ઞ મેક્યાવેલીનું નિધન (૧૫૨૭)
- **૨૩મી જુન : વિશ્વ ઓલિમ્પિક દિવસ, બલિદાન દિવસ**
- જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખરજીની પુણ્યતિથિ (૧૯૫૩)
- પૂર્વ વડાપ્રધાન ઈંદિરા ગાંધીના પુત્ર સંજય ગાંધીની પુણ્યતિથિ (૧૯૮૦)
- મરાઠા શાસક બાજીરાવ પેશવાનું નિધન (૧૭૬૧)
- ગુજરાતી ભાષાના સેવક પ્રબોધ બેચરદાસ પંડિતની જન્મજયંતિ (૧૯૨૩)
- બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના વાજેદ સોગંધ લીધા (૧૯૯૬)
- **૨૪મી જૂન :**
- 'જ્ઞાન રત્નાકર' એવોર્ડ વિજેતા અમેરિકામાં જન્મેલા ભારતીય કળા સાહિત્યના સંસ્કૃતજ્ઞ પંડિત ડૉ. નાર્મન બ્રાઉનનો જન્મ દિવસ (૧૮૯૨)
- સંગીતક્ષેત્રે ગુજરાતનું નામ રોશન કરનાર પંડિત ઓમકારનાથની જન્મ જયંતિ (૧૮૯૭)
- ચિત્રકાર પાબ્લો પિકાસાનો ચિત્રોનું પ્રથમવાર પેરીસમાં પ્રદર્શન (૧૯૦૧)
- ભારત નિર્મિત સુપરસોનિક વિમાન એચ.એફ.૨૪ એ પ્રથમ ઊડાન ભરી (૧૯૬૧)
- **૨૫મી જુન :**
- ભારતના છેલ્લા વાઈસરોય અને સ્વતંત્ર ભારતના પ્રથમ ગર્વનર જનરલ લૂઈ માઉન્ટ બેટનનો જન્મ દિવસ (૧૯૦૦)
- ભારતના આઠમા વડાપ્રધાન વિ.પી. સિંહનો જન્મ દિવસ (૧૯૩૧)
- રામપ્રસાદ બિસ્મલની જન્મ જયંતિ (૧૮૯૭)
- લોર્ડસના મેદાન પર ભારત અને ઈંગ્લેન્ડ પ્રથમ ટેસ્ટમેચ રમ્યા (૧૯૩૨)
- એક દિવસીય ક્રિકેટ મેચમાં ભારત વિશ્વ વિજેતા બન્યું (૧૯૮૩)
- મૂળશંકર ભટ્ટની જન્મ જયંતિ (૧૯૦૩)
- અભિનેત્રી કરિશ્મા કપૂરનો જન્મ દિવસ (૧૯૭૪)
- **૨૬મી જુન : માદક પદાર્થ વિરોધી દિન**
- નોબલ પ્રાઈઝ વિજેતા અમેરિકન મહિલા પર્લબર્કની જન્મજયંતિ (૧૮૯૨)
- યુનિવર્સલ પ્રોડક્ટ કોડની શરુઆત (૧૯૭૪)
- શારદાબેન મહેતાની જન્મજયંતિ (૧૮૮૨)
- મરાઠી રંગભૂમિના અભિનેતા લાલ ગાંધર્વનો જન્મ દિવ (૧૮૮૮)
- **૨૭મી જુન : વિશ્વ ડાયાબિટીસ દિવસ**
- 'વંદે માતરમ્ના રચયિતા બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મ દિવસ (૧૮૩૮)
- અપંગોની 'પ્રેરણામૂર્તિ' હેલન કેલનની જન્મજયંતિ (૧૮૮૦)
- પુરુષ સમોવડી ગુજરાતી નારી સુમતિ મોરારજીની પુણ્યતિથિ (૧૯૯૮)
- પંજાબના હિંદ કેસરી રણજીતસિંહનું અવસાન (૧૮૩૯)
- **૨૮ જુન :**
- સૌ પ્રથમ ગુજરાતી સમાચાર પત્ર 'મુંબઈ સમાચાર' શરુ થયું (૧૮૮)
- પૂર્વ વડાપ્રધાન નરસિંહ રાવનો જન્મ દિવસ (૧૯૨૧)
- સ્વામી સહજાનંદની જન્મ જયંતિ (૧૮૩૦)
- યુરોપના મહાન ચિત્રકાર પીટર પોલ રૂબિન્ઝનો જન્મદિવસ (૧૫૭૭)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રીમંતી આનંદીબેન હાલમાં કયા રાજયના ગર્વનર છે ? જવાબ : મધ્યપ્રદેશ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો. જૂ. સાયન્સ કૉલેજ (૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૪) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૫) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૬) નટુભાઈ દરજી : પેથાપુર (૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૮) અનિકેત સુમેસરા : સે-૨૪ (૯) રોહન ડી ગોહેલ : સે-૨૫ (૧૦) મુળુભા જે. મકવાણા : સે-૮બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતીની પાર્ટીનું નામ શું છે?**

**'ગાંધીનગર સમાચાર'-**
**ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# શીખવા માટે અર્જુન નહી, એકલવ્ય બનો

### રંગ-ઉમંગ

કાનન ઓઝા



યાદ કહો મહાભારત અને તેના પાત્રોને, યાદ કરો દરેક પાત્રની કોઈને કોઈ વિશેષતા. તેમાં પણ અર્જુન વિશે નાનપણમાં ઘણું વાંચ્યું હશે અને સાંભળ્યું પણ હશે. આજે પણ અર્જુન ને યાદ કરતાં જ તેઓ હકારાત્મક વિચારણા શરૂ થઈ જાય છે. અર્જુન એટલે મહાન બાણાવણી. બાણ ચલાવવાની એટલી આવડત મેળવતા અર્જુનમાં ચોક્કસ બાબતો ઠાંસી ઠાંસીને ભરી હતી. પાંડવોને બાણ ચલાવવાની તાલીમ આપતા ગુરુ દ્રોણ સાથેનો પ્રસંગ પ્રાથમિક શાળાના બાળકોને શીખવવામાં આવે છે. તેમાંથી બોધ લેવાનો છે... અર્જુનની એકાગ્રતા બાબતનો. ગુરુ દ્રોણે પૂછેલા પ્રશ્ન 'ઝાડ પર તમને શું દેખાય છે ?' અન્યના જવાબ કરતા અર્જુનનો જવાબ વિશેષ હતો કે, 'મને તો માત્ર પક્ષીની આંખ જ દેખાય છે ?' આ જવાબને આધારે નક્કી કરી શકાય છે કે તમારે જે શીખવાનું છે તે પ્રત્યે જ ધ્યાન આપો. અન્ય બાબતોને જવા દો. પૂરી એકાગ્રતા સાથે કામ કરો. જેથી બહારની કોઈ બાત તમને વિચલિત ન કરે. લક્ષ્ય સતત તમારી સાથે જ હોવું જોઈએ સાથે પૂરતી લગન સાથે મહેનત તો ખરી જ. મહાભારતના જ એક અન્ય પાત્ર એકલવ્યને પણ યાદ કરો. ગુરુ દ્રોણ બાણવિદ્યા શીખવવાની ના પાડી. પણ એકલવ્યને બાણવિદ્યા માત્ર શીખવી જ નહોતી... તેમાં પારંગત પણ થવું હતું. હતાશ બન્યા સિવાય તેણે આપમેળે શીખવાની શરુઆત કરી. એક જ લક્ષ્ય, સખત મહેનત, પુરતો આત્મવિશ્વાસ વગેરે જેવા ગુણોએ તેને મહાન બાણવાણી બચાન્યો. શિક્ષણ અને શીખવાની પ્રક્રિયા ને તેણે ચેલેન્જ તરીકે સ્વીકાર્ય. જેમાં સંપૂર્ણ સફળ પણ રહ્યો. ઉપરોક્ત, બે ઘટનાઓને મૂલવતાં ખ્યાલ આવશે કે અર્જુન અને એકલવ્ય બંનેમાં ચોક્કસ ગુણો હાજર હતા. પણ મહત્ત્વની બાબત એ હતી કે અર્જુનને ગુરુનો પૂરતો ફાયદો ઉઠાવ્યો, જયારે એકલવ્યે ગુરુ વગર પણ વિદ્યા પ્રાપ્ત કરીને લક્ષ્ય સુધી પહોંચ્યો.



આજના વિદ્યાર્થીને નજર સમક્ષ રાખીને વિચારીએ.

આજના વિદ્યાર્થીને શિક્ષક સારા મળ્યા હોય તો પણ ભણવામાં ભલીવાર લાવતા નથી. આજનાં ઘણાં વિદ્યાર્થી અર્જુનની જેમ એકચિત્ત રાખીને પૂરતી એકાગ્રતા સાથે અભ્યાસ કરતા નથી. ભણવા સિવાયની અન્ય અનેક બાબતો પણ તેમનાં મનમાં ઘર કરી ગઈ હોય છે. તેઓનું ધ્યાન લક્ષ્ય સિવાય અનેક જગ્યાએ ભટકતું હોય છે. તેઓ ઘણીવાર ચોક્કસ લક્ષ્ય પણ નક્કી કરી શકતા નથી. તે બીજીબાજુ કેટલાક વિદ્યાર્થી શિક્ષકોનો પૂરેપૂરો લાભ ઊઠાવે છે. શિક્ષકની સૂચના અને માર્ગદર્શન પ્રમાણે પૂરી લગન અને નિષ્ઠા સાથે કામ કરીને પોતાના લક્ષ્ય સુધી પહોંચે છે. આમ છતાં આજના શિક્ષકની વ્યસ્તતા, નિષ્ઠા સાથે કામ કરીને પોતાના લક્ષ્ય સુધી પહોંચે છે. આજે કેટલીક કૉલેજમાં કેટલાક અભ્યાસક્રમ માટે શિક્ષકો પણ મળતા નથી. વિદ્યાર્થીઓ બળાપો કાઢતા હોય છે. ફૅકલ્ટી પૂરતાં પ્રમાણમાં નથી, દરેક વિષયના શિક્ષકો નથી. વગેરે ઓછું પરિણામ આવે ત્યારે શિક્ષકોનો વાંક કાઢવામાં આવે છે કે શિક્ષકોએ ભણાવ્યું નહીં કે અભ્યાસક્રમ પૂરો કર્યો નહોતો માટે કયાંથી આવડે ? આવું વિચારતા વિદ્યાર્થીઓએ યાદ રાખવું જોઈએ કે, માર્કશીટ આવ્યા પછી તમને કોઈ પૂછવાનું નથી કે તમને તમારા શિક્ષકે કેટલું શીખવાડ્યું હતું ? માર્કશીટમાં વધુ ગુણ લાવનાર વધુ હોંશિયાર ગણાશે. માટે જ શિક્ષક ન હોય કે નબળા હોય તો એકલવ્યની જેમ અભ્યાસ કરો. શિક્ષક સારા હોય તો અર્જુનની જેમ પૂરો ફાયદો ઉઠાવો. છતાં બધો આધાર શિક્ષક પર પણ ન છોડો શિક્ષક હોયતો પણ તમારામાં એકવ્યના કેટલાક ગુણો તમારામાં પ્રવેશ આપશો તો તમે તમારામાં વધુ વિકાસ કરી શકો છો.

આજનો વિદ્યાર્થી એટલો નસીબદાર છે કે, તેના ગુરુ તેની પાસે ગુરુ દક્ષિણા માંગતા નથી, આજના વિદ્યાર્થીને અભ્યાસમાં સહાયરુપ થવા તેનાં મિત્રો, વાલી, પુસ્તકાલયો, ઈન્ટરનેટ જેવા અનેક સ્રોતો તૈયાર જ છે. જેનો વધુમાં વધુ ઉપયોગ કરીને વધુમાં વધુ ફાયદો ઉઠાવવાની આવડત આજના વિદ્યાર્થીઓને ખીલવવી જોઈએ. દુનિયાની સૌ પ્રથમ ઓપન યુનિવર્સિટીની સ્થાપના એકલવ્યે કરી ગણાય. જેમાં કુલપતિ પણ પોતે જ અને વિદ્યારઅથી પણ પોતે. વિચાર તો કરો તેની જ્ઞાનપિપાસા માટેની નિષ્ઠાનો. આજે દુરવર્તી શિક્ષણ દ્વારા અનેક સંસ્થાઓ અનેક અભ્યાસક્રમની ડિગ્રીઓ આપે છે. અનેક વિદ્યાર્થીઓ ઘરે બેસીને નોકરી ધંધો કરવા કરતાં અભ્યાસની ડિગ્રી આપે છે. આવા સૌ એકલવ્યોને સાદર પ્રણામ.

